# પ્રસાર ભારતી
## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-12-2024 સવારે : 7.45 થી 7.55

1) પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિન સુશાસન દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશના ખજૂરાહોમાં અનેક વિકાસ પરિયોજનાઓની ભેટ આપશે
2) પ્રધાનમંત્રીએ અખબારોમાં લખેલા લેખમાં પૂર્વ પ્રધાનમંત્રી વાજપેયીને લોકોને પ્રેરણા આપતા મુઠ્ઠેરી ઉંચેરા રાજનેતા લેખાવ્યા
3) રાષ્ટ્રપતિએ બિહાર અને ઓડિશા સહિતના પાંચ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂંક કરી
4) સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં દસ હજારથી વધુ નવી રચાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.
5) દેશ સહિત વિશ્વભરમાં આજે નાતાલ પર્વની ઉત્સાહભેર ઉજવણી
6) મહિલા ક્રિકેટમાં ભારતે બીજી એક દિવસીય મેચમાં વેસ્ટ ઇન્ડિઝને હરાવીને શ્રેણી વિજય મેળવવો.

## *ATAL-BIHARI-VAJPAYEE-BIRTH-CENTENARY*

**પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ પર, આજે દેશ તેમણે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.**

આજનો દિવસ સુશાસન દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. આજે રાજધાની દિલ્હીમાં શ્રી વાજપેયીની સમાધિ હંમેશા અટલ અને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

.................

## *PM - MADHYA PRADESH*

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના ખજુરાહોમાં અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે.

શ્રી મોદી કેન-બેતવા રિવર નેશનલ લિન્કિંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે, જે નેશનલ વિઝન પ્લાન હેઠળ દેશની નદીઓને જોડવાનો પ્રથમ પ્રોજેક્ટ છે. આ સાથે મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ખેડૂતોને સિંચાઈની સુવિધા મળશે અને પીવાના પાણીની પણ સુવિધા ઉપલબ્ધ થશે.

અટલ બિહારી વાજપેયીની જન્મશતાબ્દી નિમિત્તે શ્રી મોદી ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે. તેઓ ગ્રામ પંચાયતો માટે એક હજાર 153 અટલ ગ્રામ સુશાસન ઈમારતોનો શિલાન્યાસ પણ કરશે.

આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ, મુખ્યમંત્રી ડો.મોહન યાદવ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ પણ ઉપસ્થિત રહેશે.

.................

## *PM - ATAL ARTICLE*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી અસંખ્ય લોકોને પ્રેરણા આપનાર મુઠેરી ઉંચા રાજનેતા હતા.

શ્રી વાજપેયીને તેમની 100મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપતાં શ્રી મોદીએ કહ્યું કે 21મી સદીમાં ભારતના વિકાસના શિલ્પકાર તરીકે રાષ્ટ્ર હંમેશા અટલજીનો આભારી રહેશે. જુદા જુદા અખબારોમાં પ્રકાશિત થયેલા એક લેખમાં, પ્રધાનમંત્રીએ

જણાવ્યું હતું કે વિનમ્ર શ્રી વાજપેયીએ સામાન્ય નાગરિકના સંઘર્ષ અને અસરકારક શાસનની પરિવર્તનશીલ શક્તિનો અહેસાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી  મોદીએ કહ્યું કે 11મી મે, 1998ના રોજ ભારતે ઓપરેશન શક્તિ હેઠળ પોખરણ પરીક્ષણ કરીને ભારતના વૈજ્ઞાનિકોના સાહસનો વિશ્વને પરિચય કરાવ્યો હતો..

.................

## *JITENDRA--GOOD-GOVERNANCE*

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે શાસનને નાગરિકો માટે સરળ અને વધુ મૈત્રીપૂર્ણ બનાવવા માટે લગભગ બે હજાર જૂના નિયમોને નાબૂદ કરવામાં આવ્યા છે.

સુશાસન દિવસની પૂર્વ સંધ્યાએ નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં, શ્રી સિંહે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવેલા મોટા વહીવટી સુધારાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે સરકાર પારદર્શિતા, નવીનતા અને પ્રજાલક્ષી નીતિઓ માટે પ્રતિબદ્ધ છે.

.................

## *PREZ-GOVERNORS*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પાંચ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક કરી છે. મિઝોરમના રાજ્યપાલ ડૉ. હરિ બાબુ કંભમપતિ હવે ઓડિશાના રાજ્યપાલ બનશે.

ઓડિશાના ગવર્નર રઘુબર દાસના રાજીનામા બાદ શ્રી કંભમપતિને ઓડિશાના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી જનરલ વી.કે. સિંહને મિઝોરમના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે.

બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને કેરળના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આરિફ મોહમ્મદ ખાનનું સ્થાન લેશે જેમને હવે બિહારના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે.

પૂર્વ ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને મણિપુરના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

.................

## *SHAH---AGRICULTURE-COOPERATIVE*

સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં દસ હજારથી વધુ નવી રચાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.

તેઓ રાષ્ટ્રીય સહકારી પરિષદમાં નવી રચાયેલી સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્રો, રુપે કિસાન ક્રેડિટ કાર્ડ્સ અને માઇક્રો એટીએમનું વિતરણ પણ કરશે. આનાથી પંચાયતોને ધિરાણની સુવિધા મળશે, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન મળશે અને ગ્રામજનો માટે યોજનાઓનો લાભ મેળવવાનું સરળ બનશે.

નવી પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ ગ્રામીણ વિસ્તારોમાં સહકારી સંસ્થાઓના વિકાસમાં મદદરૂપ થશે.. આ સમિતિઓ નાણાકીય સેવાઓ પ્રદાન કરશે અને ગ્રામીણ સમુદાયોને સાથે મળીને કામ કરવા માટે એક મંચ પણ પ્રદાન કરશે.

.................

## *NDA*

ભાજપના પ્રમુખ જેપી નડ્ડાના દિલ્લી સ્થિત નિવાસસ્થાને આજે NDAના ટોચના નેતાઓની બેઠક યોજાશે.

એનડીએ ગઠબંધનના નેતાઓ વન નેશન વન ઇલેક્શન અને વકફ (સુધારા) બિલ, 2024 જેવી મુખ્ય કાનૂની દરખાસ્તો પર સંયુક્ત વ્યૂહરચના ઘડે તેવી શક્યતા છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ બેઠકમાં ભાગ લેવા માટે દિલ્હી પહોંચ્યા છે.

શ્રી ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારનો મુખ્ય સાથી પક્ષ છે. શ્રી નાયડુ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી  અમિત શાહ સાથે રાજ્ય સંબંધિત મુદ્દાઓ પર અલગ-અલગ બેઠકો કરે તેવી શક્યતા છે.

.................

## *CONGRESS---DELHI-SECOND-LIST*

કોંગ્રેસે આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે 26 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે.

પાર્ટીએ શકુર બસ્તી વિધાનસભા ક્ષેત્રમાંથી સતીશ લુથરા, રાજૌરી ગાર્ડન બેઠક પરથી ધરમપાલ ચંદેલા, જંગપુરાથી ફરહાદ સૂરી, સીમાપુરીથી રાજેશ લિલોથિયા અને રાજીન્દર નગર વિધાનસભા ક્ષેત્રમાંથી વિનીત યાદવને મેદાનમાં ઉતાર્યા છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................

## *J-K-SOLDIERS-KILLED*

જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લામાં  સેનાનું વાહન ખીણમાં પાડવાની ઘટનામાં પાંચ સૈનિકોના મોત થયા છે અને પાંચ સૈનિકો ઘાયલ થયા છે.

અમારા સંવાદદાતાએ જણાવે છે કે આ અકસ્માત ઘોડા ચોકી વિસ્તાર પાસે થયો હતો, જ્યારે ડ્રાઇવરે સૈનિકોને લઈ જઈ રહેલા વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. દરમિયાન બચાવ કામગીરી ચાલી રહી છે. વ્હાઇટ નાઈટ કોર્પ્સના અધિકારીઓએ દુર્ઘટનામાં સૈનિકોના થયેલા મોત અંગે ઊંડો  શોક વ્યક્ત કર્યો  છે.

.................

## *CHRISTMAS*

દેશ સહિત વિશ્વભરમાં આજે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. વિશ્વભરના ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્તના જન્મની યાદમાં નાતાલની ઉજવણી કરે છે. આજન દિવસે લોકો તેમના ઘરોને ક્રિસમસ ટ્રી, લાઇટથી ચમકતા કાગળના તારાઓથી શણગારે છે. ચર્ચોમાં આજે વિશેષ ક્રિસમસ પ્રાર્થના અને કાર્યક્રમોનું આયોજન કરાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે નાતાલના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ લોકોને ઈસુ ખ્રિસ્તના પ્રેમ અને સંવાદિતાના સંદેશને આત્મસાત કરવા પર ભાર મૂક્યો છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવાર એકતા અને શાંતિની ભાવનાને જાગૃત કરે છે, વિશ્વાસ અને ક્ષમાની ભાવનાને મજબૂત કરે છે.

ઉપરાષ્ટ્રપતિ શ્રી ધનખરે તેમના સંદેશમાં કહ્યું ઇસુ ખ્રિસ્તના ઉપદેશો આજે પણ સુસંગત છે અને બંધુત્વ, સમાનતા અને ન્યાયના બંધારણીય મૂલ્યોને અનુરૂપ છે. શ્રી

ધનખરે લોકોને વંચિતો પ્રત્યે સંવેદનશીલ બનવા અને દરેક નાગરિક સમૃદ્ધ હોય તેવા સર્વસમાવેશક સમાજના નિર્માણ માટે સમર્પિત થવા અપીલ કરી છે.

.................

## *WOMEN'S CRICKET - RESULT*

મહિલા ક્રિકેટમાં, ભારતે બીજી એક દિવસીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 115 રને હરાવીને 2-0 થી શ્રેણીવિજય મેળવ્યો છે.

વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી મેચમાં પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેતા ભારતે નિર્ધારિત 50 ઓવરમાં 5 વિકેટે 358 રન બનાવ્યા હતા. હરલીન દેઓલે 115 રન કર્યા હતા તો સ્મૃતિ મંધાના, પાર્ટીકા રાવલ અને જેમિમાહ રોડ્રિગ્સે અડધી સદી ફટકારી હતી.

ભારતના 359 રનના વિશાળ લક્ષ્યાંકના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ 46 ઓવર અને બે બોલમાં 243 રનમાં ઓલઆઉટ થઈ ગયુ હતું.. ભારત તરફથી પ્રિયા મિશ્રાએ ત્રણ અને દીપ્તિ શર્મા, પ્રતિકા રાવલ અને ટિટસ સાધુએ બે-બે વિકેટ લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન હેલી મેથ્યુઝે 109 બોલમાં 106 રન બનાવ્યા હતા. શ્રેણીની ત્રીજી વનડે 27 ડિસેમ્બરે રમાશે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

## રિદ્ધિ ઉંધાડ

- ગુજરાત સમાચારે મોહન ભાગવતને ચેતવણી, મંદિર- મસ્જિદ મુદ્દે ધર્માચાર્યોનો નિર્ણય અંતિમ – આ મુખ્ય સમાચારને પ્રસિધ્ધ કર્યા છે. નવગુજરાત સમયમાં મહારાષ્ટ્રની ચૂંટણીમાં ગડબડ થઇ નથી તેવી ચૂંટણી પંચની સ્પષ્ટતાના સમાચાર મુખ્ય છે.

- સંદેશ અને દિવ્ય ભાસ્કરમાં રાજ્યના 1.75 કરોડ વીજગ્રાહકોને રાહતના હેડિંગ સાથે સમાચાર પ્રસિધ્ધ થયા છે.
- આ ઉપરાંત દરેક અખબારે નાતાલની ઉજવણી અંગેના અહેવાલો પણ તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- દરેક અખબારોમાં કાશ્મીરમાં સૈન્ય વાહન ખીણમાં પડતા પાંચ સૈનિકોના મોત, રાષ્ટ્રપતિ દ્વારા પાંચ રાજ્યોના રાજ્યપાલોની નિમણૂકના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.
- સ્થાનિક અને રાજ્યના સમાચારોમાં કાંકરિયા કાર્નિવલનો આજથી આરંભ, તાપમાનનો પારો નીચે જતાં ઠંડીની અસર જેવા સમાચાર પણ જોવા મળી રહ્યાં છે
- આ ઉપરાંત સ્પોર્ટસ પેજ ઉપર આવતીકાલથી શરૂ થનારી ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટ, વડોદરામાં મહિલા ક્રિકેટમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ભારતનો શ્રેણી વિજય જેવા સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.

--------------